Rathod Urvashiba Bharatsinh
Junior Runner Up - 1
Neelkanth Vidhyalaya
Limbdi



## ‘‘ડિજિટલ ટેક્નોલોજીઃ તે તમારું જીવન કઈ રીતે સુધારે છે? દેશ અને નાગરિકોની પ્રગતિ માટે ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ એવું તમને લાગે છે?’’

**પ્રસ્તાવનાઃ**

**‘‘જય જવાન કી; જય કિશાન કી જય જય હો, જય વિજ્ઞાન કી’’**

આજે ૨૧મી સદી એટલે વિજ્ઞાન અને ટેક્નોલોજીની સદી આજે સમગ્ર વિશ્વ હરણફાળ રીતે આગળ વધી રહ્યુ છે. વિજ્ઞાનની અવનવી શોધે સમગ્ર દુનિયાને આજે એક ‘‘નૂતન પ્રવાહમાં’’ સમાવી લીધેલું છે.

ઈતિહાસ તરફ નજર દોડીવીએ તો ક્યા આપણો પેલો આદીમાનવ અને જીવનશૈલી અને અત્યારનો ૨૧મી સદીનો આધુનિક માનવ, વિજ્ઞાનની અવનવી શોધખોળે મનુષ્ય જીવનને ખુબજ સરળ અને આધુનિક બનાવી દિધુ છે.

આજે વિજ્ઞાન માનવ મનથી ચંદ્ર અને મંગળ સુધી પહોંચી ગયુ. તેને દુનિયાને ડિજિટલ અને આધુનિક બનાવી દિધી છે. આજે આપણે આ વિજ્ઞાનનું અનેકુ ‘‘આવિષ્કાર’’ એટલે ‘‘ડિજિટલ ટેક્નોલોજી’’ વિશે તમને જણાવીશ.

**ડિજિટલ ટેક્નોલોજીઃ**

ક્યારેક મનમાં ઘણાબધા સવાલો થાય, પ્રશ્ન થાય કે આ ડિજિટલ ટેક્નોલોજી એટલે શું? મિત્રો! આજની આ નૂતન દુનિયા એટલે જ ડિજિટલ ટેક્નોલોજી આજે હું મોબાઈલ વાપરૂ છું તે છે ડિજિટલ ટેક્નોલોજી અરે! ઈન્ટરનેટ, ફેસબુક, વોટ્સ–અપ, ગુગલ, ટ્યુટર, ઈ–મેલ એટલે જ ડિજિટલ ટેક્નોલોજી જેને સમગ્ર દુનિયામાં એક અદભૂત પ્રત્યાયન ક્રાંતિ અને દુનિયા ને પોતાની મુઠીમાં સમાવી લીધું.

એટલુ જ નહિ કોમ્પ્યુટર, ટી.વી. ઘર વપરાશમાં આવતાં વિવિધ સાધનો, યંત્રો, પરિવહનના વિવિધ સાધનો તે પણ ડિજિટલ ટેક્નોલોજીનો એક ભાગ છે.

**(૧) પ્રત્યાયન ક્ષેત્રે ક્રાંતિઃ**

ડિજિટલ ટેક્નોલોજીના પરિણામે વિશ્વમાં પ્રત્યાયન અર્થાત્ માહિતીના આદાન–પ્રદાન ક્ષેત્રે અદભુત ક્રાંતિ આવી છે આજે સ્માર્ટ ફોન, વોટ્સ–અપ, ફેસબુક અને ટ્યૂટર, ઈન્ટરનેટના પરિણામ સ્વરૂપ આજે સમગ્ર દુનિયા આપણી મૂઠીમાં આવી ગઈ છે. સંદેશાવ્યવહાર ઝડપી અને સરળ બનીયો છે. આજે આપણે દુનિયાના કોઈપણ ખૂણે ઝડપી અને સરળતાથી માહિતીનું આદાન–પ્રદાન કરી શકીએ છીએ.

**(૨) જ્ઞાનનો વિસ્ફોટઃ**

આજે ઈન્ટરનેટના પરિણામે તો જાણે જ્ઞાનનો ખજાનો આપણી ઉપર જ વસ્સી રહ્યો છે. વિશ્વની કોઈપણ બાબત, વિષય, વ્યક્તિ કે વસ્તુ અંગેની માહિતી આપણે પળભરમાં જ ઝડપથી આપણે મેળવી શકીએ છીએ. પરિણામ સ્વરૂપ આજે માહિતી, જ્ઞાન અને નોર્લજનો વર્ષા કોઈપણ સમયે આપણે ઉપર થઈ શકે છે.

**(૩) કેળવણી ક્ષેત્રે ક્રાંતિઃ**

ડિજિટલ ક્રાંતિના પરિણામે આજે શીખવવું અને શીખવું અર્થાત્ કેળવણી ક્ષેત્રે અનેરી ક્રાંતિ સર્જાઈ છે. શિક્ષણ, રસોઈ, કૃષિ, રમત–ગમ્મત, ગૃહ સજાવટ, આરોગ્ય વગેરે ક્ષેત્રે આજે ઘરે બેઠા આપણે ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટની મદદથી શીખી શકીએ છીએ.

**(૪) કાર્ય-કતૃત્વમાં પરિવર્તનઃ**

આજે નોકરશાહી અને મજુરશાહી કામ લેવાન અને કરવાની પદ્ધતિમાં પરિવર્તન આવી ગયું આજે ઘરે બેઠા જ ઓફિર કચેરી કે દફતરનું કાર્ય કરી શકાય છે. આ ઉપરાંત રેલવે ટિકીટ, પ્લેનની ટિકીટ, વિવિધ ચીજવસ્તુઓની ખરીદી આપણે ડિજિટલ ટેક્નોલોજીના પરિણામે ઘરે બેઠા આપણે કરી શકીએ છીએ. આમ આપણા કાર્ય–કતૃત્વ પર ડિજિટલ ટેક્નોલોજીના પરિણામે ક્રાંતિ સર્જાઈ છે.

**(૫) આંતરક્રિયા અને લોકોના સંબંધોમાં બદલાવઃ**

ડિજિટલ ટેક્નોલોજીના પરિણામે આજે દુનિયાને વિવિધ દેશો એક–બીજાની નજીક આવી ગયા. લોકોના વિચારો, મૂલ્યો, મનોવલણો, પૂર્વગ્રહોમાં પરિવર્તન આવી રહ્યું છે. ફેસબુક, બોટ્સ અપ, ટ્યૂટરની મદદથી આજે માનવ સમુદાયનો ઈન્ટરનેટ પર મેળો જામે છે.

**(૬) જીવન શૈલીમાં સુધારોઃ**

ક્યા આપણી પ્રાચીન આદિમાનવ તરીકેનું જીવન અને ક્યા આપણું આ આધુનિક સુખી, સમૃદ્ધ, સુવિધા, સગવડવાથી ભરેલુ જીવન, ડિજિટલ ટેક્નોલોજીના પરિણામે આપણી જીવનશૈલી આધુનિક બનેલી છે. વિવિધ યંત્રો, સાધનો અને વિજ્ઞાનના આવિષ્કારે આપણી જીવનશૈલી જ બદલી નાંખી છે.

**ચાલો ડિજિટલ ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરીએઃ**

કહેવાય છે કે ટેક્નોલોજી એ આવિષ્કાર પણ છે અને વિનાશક પણ આજે આપણો દેશ દુનિયામાં ઝડપથી વિકાસની ગતિમાં આગળ વધી રહ્યો છે.

આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ‘‘ડિજિટલ ઈન્ડિયા’’, ‘‘મેક ઈન ઈન્ડિયા’’, સ્ટાર–અપ–ઈન્ડિયા જેવી વિવિધ યોજનાઓ દ્વારા ભારતમાતાને વિશ્વગુરુ જગતમાતા બનાવવાના રસ્તા તરફ લઈ જઈ રહ્યા છે.

મારા ગંતવ્ય પ્રમાણે મિત્રો આપણે આ ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ ‘‘સર્વ જન કલ્યાણ, સર્વ જન હિતાયે’’ માટે કરવો જોઈએ આજે આ ટેક્નોલોજીનો ઘણા અંક્ષે દુરઉપયોગ થઈ રહ્યો છે તે દુર ભાગ્ય પૂર્ણ કહેવાય, આવો! આપણે સહુ સાથે માળીને ડિજિટલ ટેક્નોલોજીના સદ્ ઉપયોગ દ્વારા ભારતને ‘‘ડિજિટલ ઈન્ડિયા’’ બનાવીએ.

**સમાપનઃ**

‘‘ડિજિટલ ઈન્ડિયા’’

આવનાર સમયમાં આ ભારતવર્ષ, ભારતમાતા ડિજિટલ ટેક્નોલોજીના અનેરા માધ્યમથી જગતગુરુ, જગતમાતા ના સ્થાન પર બિરાજમાન હશે.


Gujarati